# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


| પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૯/ક્વા-૦૪/૨૦૨૦-૨૧/૩૫૫ | તા.૧૯.૦૩.૨૦૨૨ |
|---|---|

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં.૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૭૯/ક્વા-૦૪/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી કાનાભાઈ કરશનભાઈ કણજારીયા ગામ – રાણ

સબડીવીઝન: ભાટીયા

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી દેવભુમી દ્વારકા

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

તારીખ: મંગળવાર (૨૨-૦૨-૨૦૨૨)

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,અમો દેવભુમી દ્વારકા જીલ્લાના કલ્યાણપુર તાલુકાના રાણ ગામના ગરબી ચોકના રહેવાસીઓ ની માનસર નમ્ર અરજ કે ભાટીયા પી.જી.વી.સી.એલ. કચેરી દ્વારા અમો અરજદારોની કોઈપણ જાતની લેખિત સંમતી કે પરવાનગી વગર અમારા રહેણાંકના મકાન ઉપર અમારા મકાનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી અને વિજપોલ ઉભા કરી અને તાર બાંધી દીધેલ છે. અને તે વિજતાર અમારા રહેણાંકના મકાન ઉપરથી પસાર થાય છે જેના કારણે વિજપુરવઠો પસાર કરવામાં આવે તો અમો અરજદારને કાયમી માટે જીવનું જોખમ છે જેથી સદરહુ ૧૧ કે.વી. વિજલાઇન કોઈપણ જાતના સર્વે કર્યા વગર અને અન્ય વિકલ્પ હોવા છતાં જાણી જોઈને અમારા રહેણાંકના મકાન ઉપરથી વિજલાઇન પસાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

ભાટીયા પી.જી.વી.સી.એલ. ના કર્મચારીઓ કે કોન્ટ્રાકટરો દ્વારા અમારી કોઈપણ જાતની પરવાનગી વગર અને અમોને પુછયા વગર અમારા રહેણાંકના મકાન ઉપરથી વિજલાઇન પસાર કરતા હોય જેના કારણે અમો અરજદારો અમારી અગાસી ઉપર જઈ શકતા નથી કે અગાસી ઉપર બાંધકામ કરી શકતા નથી અને અમારા ઉપર કાયમીને માટે વિજ અકસ્માતનો જોખમ રહેલ છે. અને જો ભવિષ્યમાં વિજ અકસ્માત થશે તો અમોને તથા અમારા જાનમાલને નુકશાન થાય તેમ છે. જેથી હાલમાં પી.જી.વી.સી.એલ. કચેરી ભાટીયા દ્વારા રાણ ગામમાં પ્લોટ વિસ્તારના ગરબી ચોકની આજુબાજુ જે ૧૧ કે.વી.વિજ લાઇન ઉભી કરવામાં આવેલ છે તે અન્ય જગ્યાએ ખસેડી લેવી તેમ છતાં અમારા મકાન ઉપરથી પસાર થતી વિજલાઇન ખેસડવામાં નહી આવે તો અમો અરજદારોએ નાછુટકે અને નાઈલાજે પી.જી.વી.સી.એલ. તેમજ જવાબદાર કોન્ટ્રાકટરો સામે નામદાર કોર્ટમાં દિવાની અદાલતમાં તથા ફોજદારી રહે કાર્યવાહી કરવાની ફરજ પડશે જેની સ્પસ્ટ નોંધ લેશો. અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ આપ સાહેબ શ્રીને જણાવવાનું કે ગ્રાહક શ્રી કાનાભાઈ કરશનભાઈ કણજારીયા દ્વારા ભાટીયા પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ.રાણ ગામના પ્લોટ વિસ્તારના ગરબી ચોક વિસ્તારમાં ૧૧ કેવી વીજ લાઈન પસાર કરવા સામે વાંધા અરજી કરેલ. સદર બાબતના અનુસંધાને જનવ્વાણુકે નાયબ ઇજનેર ભાટિયા દ્વારા લાઈન ને રિ-રુટ કરીને સમાધાન થયેલ છે.અને રજુઆતનું નિરાકરણ કરેલ છે. જે અંગેની તા.૧૮.૦૨.૨૦૨૨ ની સમાધન પુરશીસ આ સાથે સામેલ છે.

૨.૧ પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદારશ્રી એ તા. ૧૮.૦૨.૨૦૨૨ ફરિયાદ નું સુખદ નિવારણ થયેલ છે. જેથી આગળ આ કેસ હવે આગળ ચલાવવાનો રહેતો નથી.તથા તા. ૧૮.૦૨.૨૦૨૨ સમાધાન પત્ર માં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

3.0 અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.0 અન્વયે પેરા નં. ૨.૧ મુજબ પીજીવીસીએલ કંપની ની ભાટીયા પેટા વિભાગીય કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ દેવભુમી દ્વારકા વિભાગીય કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા. ૧૮.૦૨.૨૦૨૨ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષાએથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

3.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

3.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા<br>સ્વતંત્ર સભ્ય | શ્રી બી.પી.બુચ<br>ચેરપર્સન |